# 7. મળે ન મળે

**શેખાદમ આબુવાલા**

**જન્મ : ઈ.સ. ૧૯૩૬ મૃત્યુ : ૨૦૦૮**



ગઝલકવિ 'આદિલ'નું પૂરું નામ ફરીદ મહંમદ ગુલામનબી મનસુરી હતું. તેમનો જન્મ અમદાવાદ ૧૮ મે, ૧૯૩૬માં થયો હતો. તેઓ અમદાવાદ છોડી અમેરિકામાં સ્થાયી થયા હતા. ૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ ૭૨ વર્ષની વયે તેમનું મૃત્યુ થયું હતું. 'પગરવ' 'સતત' વળાંક વગેરે ગઝલસંગ્રહો તેમની પ્રયોગાત્મક ગઝલો માટે ધ્યાન ખેંચે છે. મોટેભાગે સભારંજની સ્વરૂપ ગણાયેલી ગઝલ કવિતાને આદિલે કવિતાની પ્રતિષ્ઠા આપી હતી. સરળતા, વેધકતા, પ્રવાહિતા અને ચમત્કૃતિસભર પ્રાસરચના 'આદિલ'ની ગઝલોને નવી જ કથનરીતિમાં પ્રગટ કરેલી. તેમણે કેટલાંક વ્યંજનાસભર મુક્તકો પણ આપ્યાં હતાં. 'હાથપગ' બંધાયેલા છે. જે નથી તે તેમના એબ્સર્ડ એકાંકી સંગ્રહો છે.

તેમને ૧૯૯૮માં કલાપી ઍવોર્ડ અને ઈ.સ.૨૦૦૮માં વાલી ગુજરાતી ઍવોર્ડ મળેલો હતો. આમ 'આદિલ' મનુસરી ગુજરાતી સાહિત્યના એક ઉત્તમ ગઝલકાર હતા.

ગઝલ એ અરબી-ફારસી સાહિત્યનું કડીબદ્ધ સાહિત્યસ્વરૂપ ઊર્મિકાવ્યનો એક પ્રકાર છે. સામાન્ય રીતે તેમાં પાંચથી સાત કડી હોય છે. બબ્બે પંક્તિ ધરાવતી તે દરેક કડીને 'શેર' કહે છે. ગઝલનો પ્રથમ શેર 'મત્લા' અને અંતિમ શેર 'મક્તા' કહેવાય છે. ગઝલમાં 'કાફિયા' (પ્રાસ) તથા 'રદીફ' (અનુપ્રાસ) હોય છે. સ્થાન બાબતે કાફિયા મત્લાના શેરની બંને પંક્તિમાં તથા પછીના દરેક શેરની બીજી પંક્તિમાં, રદીફ પૂર્વે સમાન માપનું ઉચ્ચારણ ધરાવતા જુદાજુદા શબ્દરૂપે આવે છે. રદીફ એ કાફિયા પછી આવતો પંક્તિભાગ છે. તે પણ મત્લાના શેરની બંને પંકિતમાં તથા પછીના દરેક શેરની બીજી પંક્તિમાં, પણ બદલાયા વગર - એક જ સ્વરૂપે - આવે છે. જોકે રદીફ વિનાની ગઝલો લખાતી રહી છે, પણ કાફિયા વગર ગઝલ રચવી અશક્ય છે. મકતામાં ગઝલકારનું 'તખલ્લુસ' (ઉપનામ) વણાયેલું હોય છે. જોકે મત્લો, મક્તા કે તે બંને વિનાની ગઝલો પણ લખાતી રહી છે. તે અરબી પિંગળશાસ્ત્ર 'અફઝ' મુજબ નિયત 'બહેર' (છંદ)માં રચાતી હોય છે. તેનો દરેક શેર વિષય કે વિચાર ભાવના નિરૂપણની દૃષ્ટિએ સ્વતંત્ર હોય છે. તો સમગ્ર ગઝલમાં વિષય, ભાવ આદિના નિરૂપણનું સાતત્ય હોય તેવી ગઝલો પણ રચાતી રહી છે. એક સમયે પ્રણય તેનો મુખ્ય વિષય હતો. હવે એવું વિષયબંધન રહ્યું નથી. તેની ભાષા બોલચાલની લઢણોવાળી, સંવાદાત્મક ઢબની, સહજ, સરળ સાંકેતિક અને સચોટ હોય છે.

પોતાના વતનને છોડવાની ક્ષણો સર્જાઈ ત્યારે આ ગઝલ જન્મી છે. આરંભમાં તેઓ કહે છે કે આ 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે' નદીની રેતમાં નગરને રમતું નગર કહેવાનું તાત્પર્ય નદીકિનારે આવેલું એમ જ કરી શકાય. આ સાથે સત્ય છે કે સંસ્કૃતિ-નગરનો ઉદ્ભવ પણ નદીને કિનારે થયો છે. સંબંધોના તાણાવાણા એ સંસ્કૃતિમાં આવી ભળ્યા છે. એટલે કે નગરનો સંદર્ભ સંબંધો સાથે વિશેષ છે. નગર પણ રમતું છે, જડ નથી, ચેતન છે. આવું નગર 'મળે ન મળે'ની વેદના કવિમાં વ્યાપી છે. આ નગર છોડ્યા પછી પાછા આવવાની શક્યતા જોતા નથી, કવિ પોતાની જાતને કહેતા લાગે છે કે શ્વાસમાં સુગંધનો દરિયો ભરી લો, હવે પછી એની આવી સુગંધ મળવાની નથી. કદાચ વતનપ્રેમને શ્વાસોશ્વાસને રમતો કરવાનો કવિનો ખ્યાલ હોય. પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો. આ નગરમાં વસતા પરિચિતોને હવે મળી શકાય તેમ નથી. તેથી તેઓને ધરાઈને જોઈ લેવા ઈચ્છે છે. આ શહેરનાં રસ્તાઓ, બારીઓ, ભીંતોને આંખમાં ભરી લઈ સ્મૃતિ તરીકે સાચવવી છે. કવિની નગરના ખૂણેખૂણા સાથે જડાયેલી આત્મીયતાનો અહીં રણકો છે. આ ગઝલના છેલ્લા શેરમાં નર્યો વતનપ્રેમ છલકાય છે. જ્યાંની હવા શ્વસી છે એને ક્યાંથી ભૂલી શકાય ? વતનની ધૂળથી માથું ભરી લેવાની ઈચ્છા છે. કારણકે આ ધૂળ ઉમ્રભર મળે ન મળે. આમ વતન પ્રત્યેના અનહદ ભાવમાંથી આ ગઝલ પ્રગટી છે.

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે
ભરીલો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે
ભરી લો આંખમાં, રસ્તાઓ, બારીઓ, ભીંતો
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે
વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે

## ટિપ્પણ

**દૃશ્ય** - દેખાય તેવું **સ્મૃતિપટ** - મનપર **સુગંધ** - સારી ગંધ, ખુશ્બુ **દરિયો** - સમુદ્ર **ભીની** - ભીનું થવું, પલળવું **પરિચિતો** - ઓળખીતા **વીંટળાઈ** - ગોળ વીટવું, લપેટવું **ગલી** - સાંકડી વાટ, શેરી **કબર** - ઘોર, મડદુ દાટી ઉપર કરેલું ચણતર **સફર** - પ્રવાસ, મુસાફરી **હમસફર** - સાથેનો પ્રવાસી, સાથે મુસાફરી કરનાર **ધૂળ** - માટીનો ઝીણો ભુકો **ઉમ્રભર** - આખી જિંદગી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિને નદીની રેતમાં શું ન મળે તેની ચિંતા છે ?
2. કવિ શ્વાસમાં શું ભરી લેવાની વાત કરે છે ?
3. કવિ કોને ધરાઈને જોઈ લેવાની વાત કરે છે ?
4. કવિ આંખમાં શું શું ભરી લેવાની વાત કરે છે ?
5. કવિ પોતાના માથાને શાનાથી ભરી લેવા માગે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. નદીની રેતમાં રમતું નગર કાવ્યનું સાહિત્ય સ્વરૂપ જણાવો. કવિને કઈ કઈ બાબતોની ચિંતા સતાવે છે ?
2. ‘નદીની રેતમાં રમતું નગર’ એ કાવ્યમાં રેતમાં નગરને રમતું કહેવાનું તાત્પર્ય સમજાવો.
3. સુગંધનો દરિયો શ્વાસમાં ભરી લેવાનો શો અર્થ થાય ? સમજાવો.
4. કવિની સાથે રહેલી આત્મીયતાને વ્યક્ત કરવા કયા કયા શબ્દોનો ઉપયોગ કર્યો છે ?

**પ્રશ્ન 3. નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો.**

1 ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો
પછી આ માટીની ભીની અસર મળે ન મળે ?

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શ્વાસ, સુગંધ, ભીની, પરિચિત

**પ્રશ્ન 6. માંગ્યા પ્રમાણે લખો.**

મીઠી નજર, સુગંધ, અપરિચિત, ભીની માટી એ ચાર શબ્દો ફેલાઈ, વટેમાર્ગુ, ફળદ્રુપ, માતાની એ ચાર શબ્દોમાંથી યોગ્ય શબ્દને લગાડો.

## આટલું કરો

1. ‘મળે ન મળે’ જેવાં વતનપ્રેમનાં અન્ય કાવ્યને શોધી તેના વિશે લખો.
2. ગ્રામ્ય અને શહેરી જીવન સંસ્કૃતિનો તફાવત લખો.
3. જનની અને જન્મભૂમિ સ્વર્ગથી અધિક છે તે સમજાવો.